ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૬/૨૩-૨૪/ 1546 તારીખ : 7 DEC 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૬/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી કટીયા અબ્દુલભાઈ અલીભાઈ,**
**રહે.નીમકનગર,**
**તા.ધ્રાંગધ્રા,**
**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં- ૯૯૭૪૭ ૭૭૪૯૨**

**વિષય : સીંગલ ફેઈઝ કનેકશનમાં લોડ વધારો કરી થ્રી ફેઈઝ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૩/૦૯/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૫/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૩-૨૪/૧૩૪૩ તા.૧૬/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૩-૨૪/૧૩૯૭ તા.૦૯/૧૦/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૩-૨૪/૧૪૫૪ તા.૨૫/૧૦/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૬/૧૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૬/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી કટીયા અબ્દુલભાઈ અલીભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૬/૧૧/૨૦૨૩** ◈

વાદી :– **શ્રી અવેશ અબ્દુલભાઈ કટીયા (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી જે.બી.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કટીયા અબ્દુલભાઈ અલીભાઈ, મું.નીમકનગર, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગરની સીંગલ ફેઈઝ કનેકશનમાં લોડ વધારો કરી થ્રી ફેઇઝ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૬/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૩–૨૪/૧૩૪૩ તા.૧૬/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૧૦/૨૦૨૩ તેમજ તા.૦૬/૧૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી કટીયા અબ્દુલભાઈ અલીભાઈ વતી તેમના પુત્ર શ્રી અવેશ અબ્દુલભાઈ અલીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે.બી.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ઉપરોકત સરનામે રહીએ છીએ તેમજ અમારૂં પીજીવીસીએલનું સીંગલ ફેઈઝનું ઘર વપરાશનું વીજ કનેકશન ધરાવીએ છીએ. જેનો ગ્રાહક નંબર–૨૫૩૪૫/૦૦૬૪૨/૩ ધરાવીએ છીએ. સદરહું અમારા વીસ્તારમાં વોલ્ટેજ અપ–ડાઉન થાય છે અને વારંવાર ફલકચુએશન આવે છે. તેના કારણે અમારા ઘરમાં અમારા વીજ ઉપકરણોને નુકશાન થાય છે અને બળી જાય છે અને તે માટે અમોએ નાયબ ઈજનેર સાહેબ ગ્રામ્ય વીસ્તાર ધ્રાંગધ્રાને તા.૦૪/૦૮/૨૦૨૩ ના રોજ અમારૂં ઉપરોકત વીજ કનેકશનમાં લોડ વધારો કરી આપી થ્રી ફેઈઝ કનેકશન કરી આપવા અરજી આપેલી જેઓએ અમારી અરજી સ્વીકારેલી તેમજ અમોએ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ અમારા નામનો કોઈપણ પીજીવીસીએલનું બાકી લેણું નંથી તેવું ના બાકી પ્રમાણપત્ર તા. ૦૪/૦૮/૨૦૩ ના રોજ મેળવેલું જે પ્રમાણપત્રમાં જુનીઅર આસીસ્ટન્ટ, સીનીઅર આસીસ્ટન્ટ (બીલીગ), સીનીયર આસીસ્ટન્ટ (થેફ્ટ), સીનીયર આસીસ્ટન્ટ(લીગલ) તથા નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગ કચેરી ધ્રાંગધ્રાનાઓની સહીઓ કરેલી છે. તથા અમોએ તે અંગેનું સોગંદનામું પણ કરેલ છે. અમોએ કયારેય પીજીવીસીએલ નું બીલ બાકી રાખેલ નંથી. તેમજ અમારી ઉપર કોઈ પેન્ડીગ રકમ પણ નંથી. અમારે અમારા થ્રી ફેઈઝ વીજ કનેકશનની જરૂરીયાત હોય અરજી કરેલી છે.

૧.૩ આ કામમાં અમો સીનીયર સીટીજન છીએ તેમજ અમારૂં કોઈ રેકર્ડ ખરાબ નથી તેમજ અમારે સરકારશ્રી તથા પીજીવીસીએલની તમામ ગાઈડ લાઈનનું પાલન કરેલ છે. તેમજ અમોએ અગાઉ રૂા.૧૧૮/– લોડ વધારાની ફીના પણ ભરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાનમાં લેતાં આપની કચેરી એટલે કે નાયબ ઈજનેર પીજીવીસીએલ પેટા વીભાગ ધ્રાંગધ્રા દ્વારા લોડ વધારો અને થ્રી ફેઈઝ કનેકશન કોઈ અગમ્ય કારણોસર કરી આપતા નંથી.

૧.૪ અમો, સુરેન્દ્રનગર વર્તુળ કચેરી જેમાં અધીક્ષક ઈજનેર શ્રી વાઘેલા સાહેબ પાસે ૪ (ચાર) વખત સદરહું વીજ કનેકશન અંગે મળવા ગયેલ છીએ તેમ છતાં પણ તેઓનું ધ્રાંગધ્રાના નાયબ ઈજનેર સાહેબ માનતા નથી અને અમોને થ્રી ફેઈઝ કનેકશન આપતા નથી. અમો તે અંગે જે કાંઈ ડીપોઝીટ ની રકમ ભરવાની થાય તે ભરવા તૈયાર છીએ. ઉપરોકત તમામ હકીકત ધ્યાન ઉપર લઈ અમોને અમારો વીજ કનેકશન ગ્રાહક નંબર –૨૫૩૪૫/૦૦૬૪૨/૩ એમાં લોડ વધારો કરી આપે અને તે વીજ કનેકશન થ્રી ફેઈઝ કનેકશનમાં કનવર્ટ કરી આપે વીકલ્પે અમોને નવું થ્રી ફેઈઝ વીજ કનેકશન આપવા અરજ છે તે અંગે તે માટે આપવા પડતા જરૂરી ટેસ્ટ રીપોર્ટ તથા ડીપોઝીટ ની રકમ ભરવા તૈયાર છીએ. ઉપરોકત હકીકત લક્ષમાં રહી યોગ્ય હુકમ કરવા અરજ છે

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજૂઆત છે કે...**

૨.૧ ઉપરોકત વિષયના અનુસંધાનમાં આપ સાહેબને જણાવવાનું કે, ધાંગધ્રા તાલુકાના નિમકનગર ગામના ગ્રાહક શ્રી કટીયા અબ્દુલભાઈ અલીભાઈ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સિંગલ ફેઈઝ વીજ જોડાણમાં લોડ વધારો કરી થ્રી–ફેઈઝ કનેકશન કરી આપવા બાબતની સાદી અરજી ધ્રાંગધ્રા પેટા વિભાગીય કચેરીમાં કરેલ હતી. તેઓ દ્વારા તેમના મકાનમાં વીજળીના ઉપકરણોના લોડ સાથેની વિગતો સાથેનું હેતુ દર્શાવતુ એ–૧ ફોર્મ લોડ વધારા માટે ભરીને માંગણી કરેલ નંથી, માત્ર સાદી અરજીમાં ઘરમાં સિંગલ ફેઈઝ કનેકશનમાંથી થ્રી–ફેઈઝ કનેકશન કરી આપવા સાદી અરજી કરેલ છે. ગ્રાહક દ્વારા જયારે સાદી અરજી કરવામાં આવેલ હતી ત્યારે તેઓના નામના

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

ઓફીસ રેકર્ડ તપાસતાં અબ્દુલભાઈ અલીભાલ કટીયા નામની જે અરજી કરેલ હતી, તે નામ અંગે રેકર્ડ જોતાં, તેઓના દીકરા રફીકભાઈ અબ્દુલભાઈ અલીભાઈ કટીયા નામના કુલ ૯,૪૯,૦૨૪/૮૮ રૂપિયાનું પાવર ચોરીનું બીલ બાકી હતું. જે વસુલ કરવા માટેની કચેરી દ્વારા નામદાર કોર્ટમાં ઝોનલ ઓફીસ ભાવનગરની મંજુરી લઈ કોર્ટમાં દાવો કરેલ છે. જે કેસઅંગેની નકલો આ સાથે જોડેલ છે.

૨.૨ તદુપરાંત, અબ્દુલભાઈ અલીભાઈ નામના હાલ ચાલુ સીંગલ ફેઈઝ વીજ જોડાણમાં પણ ઓગષ્ટ મહિનામાં પાવર ચોરીનું વીજ બીલ રૂ.૫૧,૬૯૫/૪૬ રૂપિયાનું આપવામાં આવેલ હતું. જે તેઓએ ભરપાઈ કરેલ છે. પરંતુ, અગાઉના તેમના દીકરાના નામના બાકી લેણાં કંપનીના હીતમાં વસુલ કરવા માટે આ રકમ ભરપાઈ કરવા માટે તેઓને જણાવવામાં આવેલ હતું. પરંતુ, તે રકમ ભરપાઈ કરવા માટે તેઓ દ્વારા અગાઉની સહમતી આપવામાં આવેલ હતી. પરંતુ હવે તેઓ દ્વારા આ બાબતમા કોઈ હકારાત્મક પગલા લેવામાં આવેલ નથી. શ્રી રફીકભાઈ અબ્દુલભાઈ નામની વ્યકિત કે જેની વીજ ચોરીની રકમ ભરપાઈ કરવાની બાકી છે, તે રફીકભાઈ હાલ માંગણી કરેલ સિંગલ ફેઈઝ માંથી શ્રી ફેઈઝ વીજ જોડાણ વાળી જગ્યામાં તેઓના પરિવાર સાથે રહે છે માટે તેઓના વીજજોડાણ ની રકમ ભરપાઈ કરેવા માટે તેઓને જણાવવામાં આવેલ હતું. પરંતુ તેઓ આ રકમ ભરપાઈ કરવા ના પાડે છે.

૨.3 અરજદારશ્રી દ્વારા પુત્રની બાકી નીકળતી રકમ ભરપાઈ કરવા અરજદાર દ્વારા અગાઉ સહમતી દર્શાવેલી હતી. પરંતુ, હાલમાં તેઓ દ્વારા તેમના પુત્રની બાકી નીકળતી પાવરચોરીની રકમની ભરપાઈ કરવા બાબતે કોઈ હકારાત્મકતા બતાવવામાં આવેલ નથી. તેમના પુત્ર પણ વીજજોડાણના એક વપરાશકર્તા છે જે એક વ્યકિત (Person) છે. આથી, વીજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ નં–૫૬ મુજબ જો કોઈ વ્યકિતનું લેણું બાકી નીકળતું હોય તો તેને ૧૫ દિવસની નોટીસ આપી સદર વીજજોડાણ કાપી શકાય છે. આથી સદરહુ વીજજોડાણ કે જેમાં લોડ વધારો માંગવામાં આવેલ છે, તે જોડાણ પણ તેઓના પુત્ર દ્વારા પીજીવીસીએલ ના નાણાં ભરપાઈ કરેલ ન હોય ૧૫ દિવસ ની નોટીસ આપી કાપવા હુકમ કરશો. તેમજ સપ્લાય કોડના સેકશન નં–૪.૮૩ મુજબ ગ્રાહકની એરિયર્સ બાકી હોય તો લોડ વધારો અટકાવી શકાય છે અને ગ્રાહકની વ્યાખ્યામાં પર્સનનો ઉલ્લેખ છે અને પર્સનની વ્યાખ્યામાં અરજદારના પુત્ર નો સમાવેશ થતો હોય સપ્લાય કોડના સેકશન – ૪.૮૩ મુજબ લોડ વધારો મંજૂર કરવા પાત્ર નથી

૨.૪ વધુમાં સદર ગ્રાહકના વીજ પ્રસ્થાપનનો કરારિત વીજભાર – ૪ કિ.વો છે અને ચેકીગશીટ નં – ૨૬૪૩૫ તા.૦૧/૦૮/૨૦૨૩ મુજબ તેમાં પાવર ચોરી પકડાઈ ત્યારે જોડાયેલો વીજભાર ૩.૦૪૯ કિ.વો હતો અને સદર વીજ પ્રસ્થાપન ઉપર ઓકટોબર–૨૨ મહિનામાં મીટરમાં ૦.૩ કિ.વો મહતમ વીજભાર તથા જુલાઈ – ૨૩ મહિનામાં મીટરમાં ૦.૨ કિ.વો મહતમ વીજભાર નોંધાયેલ હતો. ૬ કીલોવોટ સુધી સિંગલ ફેઈઝ વીજજોડાણ આપવાનું થતુ હોય તેમજ ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ નં–૪૮(બી) મુજબ, સદર ગ્રાહક તથા તેઓના

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પુત્ર પાવરચોરીની માનસીકતા ધરાવતા હોય, લોડ વધારો માંગવા કોઈ યોગ્ય કારણ ન હોય, પીજીવીસીએલ લોડ વધારો અટકાવી શકે છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર કટીયા અબ્દુલભાઈ અલીભાઈ મુ.નીમકનગર, તા. ધ્રાંગંધ્રા દ્વારા તેમના સીગલ ફેઈઝ કનેકશન નં–૨૫૩૪૫/૦૦૬૪૨/૩ માં વારંવાર વોલ્ટેજ વધઘટ થતી હોઈ થ્રી ફેઈજ કનેકશનની જરૂરીયાત હોઈ જરૂરી ફોર્મ્સ વગેરે ભરી રજુઆત કરવા છતાં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા અમારૂં સીગલ ફેઝ કનેકશનને થ્રી ફેઈજમાં કન્વર્ટ ન કરી આપતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨વાદી ની રજુઆતને ધ્યાને લેતાં, તા.૧૮/૧૦/૨૦૨૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં વાદીના પુત્ર અવેશભાઈ અબ્દુલભાઈ કટીયા હાજર રહેલ, પરંતુ આ ફરિયાદના મુળ અરજદાર એટલે કે તેમના પિતાશ્રીનું તા.૨૮/૦૯/૨૦૨૩ ના રોજ અવસાન થતાં, તેમની જગ્યાએ તેઓ આવ્યા હોવાની રજૂઆત કરેલ. પરંતુ, અન્ય વારસદારો નું સંમતિપત્રક રજુ કરેલ ન હોઈ, ફોરમ દ્વારા તેઓને અન્ય વારસદારોનું સંમતિપત્રક, તેમના પિતાશ્રી નો મરણનો દાખલો વગેરે દસ્તાવેજ રજુ કરવા મુદત આપવામાં આવેલ, પ્રતિવાદી એ તેમનો લેખિત જવાબ રજુ કરેલ.

૩.૩ આજરોજ તા.૦૬/૧૧/૨૦૨૩ ના રોજ બીજી સુનાવણીમાં બન્ને પક્ષકારો હાજર રહેલ છે તથા તેમની રજુઆતો કરેલ છે.

૩.૪ સુનાવણી દરમ્યાન રજુ થયેલ રેકર્ડ અને રજુઆતો ને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, કેસમાં મુખ્ય અરજદાર/રજુઆત કર્તા શ્રી કટીયા અબ્દુલભાઈ અલીભાઈ દ્વારા તા.૧૩/૦૯/૨૦૨૩ થી અરજી કરવામાં આવેલ, પરંતુ રૂબરૂ સુનાવણી પહેલા તા.૨૮/૦૯/૨૦૨૩ ના રોજ તેઓનું અવસાન થયેલ છે.

૩.૫ પ્રતિવાદી દ્વારા તેમના લેખિત જવાબમાં અરજદાર ના પુત્ર પાસે જુના બાકી લેણાં, કોર્ટ કેસ તેમજ લોડ વધારવા માટેની વાદી ના પુત્ર સપ્લાય કોડના સેકશન–૪.૮૩ મુજબ એરીયર્સના આધારે તથા અરજદારના પુત્ર સપ્લાઈ કોડની સેકશન–૪.૮૩ મુજબ પર્સનની વ્યાખ્યામાં સમાવિષ્ટ ન થતા હોવાની રજુઆત કરેલ છે.

૩.૬ આ તબકકે ફોરમને જણાય છે કે, હાલના લોડ વધારા માંગેલ કનેકશન અને પ્રતિવાદી દ્વારા ઉઠાવવામાં આવેલ વાંધા અંગેનું કનેકશન બન્ને અલગ કનેકશન છે. પરંતુ, અરજદારની અરજી મુજબ મુળ અરજદારની ગેરહાજરીને કારણે આ કેસ ચલાવી શકાય નહીં, આ તબકકે ફોરમ દ્વારા વાદીના પુત્રને સવાલવાળા કનેકશનમાં પ્રથમ નામ ફેરફાર કરવાની સમજણ આપવામાં આવેલ છે. અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G V.C.L. Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
( )
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૦૬/૧૧/૨૦૨૩.**